# કોરુગેટેડ બોક્સ ઉત્પાદકોના અસ્તિત્વ સામે જોખમ

અમદાવાદ, તા. ૨૭
ક્રાફ્ટ પેપર મિલ્સ અને મોટા વપરાશકરો વચ્ચે ફસાયેલી કોરૂગેટેડ પેકેજિંગ ઈન્ડસ્ટ્રી ફરી કપરી સ્થિતિનો સામનો કરી રહી છે. આ ઈન્ડસ્ટ્રીના મુખ્ય કાચો માલ ક્રાફ્ટ પેપરના ભાવમાં તાજેતરમાં અનેક વખત, અસાધારણ ભાવ વધારો થયો થયો છે. આથી કોરૂગેટેડ પેકેજિંગના ઉત્પાદન ખર્ચમાં આશરે ૨૫ ટકાનો વધારો થયો છે. આગામી સપ્તાહોમાં પેપર મિલો ભાવમાં વધુ વધારો કરવાની યોજના બનાવી રહી છે. આ સ્થિતિ વધુ કપરી બનાવતા હોય તેમ આ ઉદ્યોગના બીજા તમામ કાચા માલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. સ્ટાર્ચના ભાવ છેલ્લા એક વર્ષમાં બમણા થયા છે. સ્ટિચિંગ વાયરના ભાવ ખાસ કરીને સ્ટીલના ખર્ચમાં વધારાને કારણે આશરે ૪૦ ટકા વધ્યા છે. મજૂરીના ખર્ચમાં પણ મોટો વધારો થયો છે. અહીં પ્રસંગોચિત ઉલ્લેખ જરૂરી છે કે કોરૂગેટેડ પેકેજિંગની આમ આદમની રોજિંદા વપરાશની લગભગ તમામ પ્રોડક્ટ્સના સલામત પરિવહન અને વિતરણ માટે જરૂર પડે છે. આવી પ્રોડક્ટ્સમાં દૂધ, શાકભાજી, ફળ, એન્જિનિયરિંગ ગૂડ્ઝ, ટેક્સટાઈલ્સ, કન્ઝુમર ડ્યુરેબલ્સ, દવા વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉદ્યોગ સંપૂર્ણપણે રિસાઈકલ ફાઈબર પર આધારિત છે તેમજ વુડન પેકેજિંગનો સફળતાપૂર્વક વિકલ્પ આપીને તેમજ પર્યાવરણ જાળવી અને પર્યાવરણના સંતુલન માટે "દાન આપીને દેશની પેકેજિંગ જરૂરિયાતો પૂરી કરે છે. હાલમાં એક તરફ ક્રાફ્ટ પેપરના ભાવમાં અને બીજી તરફ બીજા તમામ કાચા માલના ભાવમાં વધારાને કારણે અસહ્ય દબાણનો સામનો કરી રહી છે.